

## ધનસુરામાં કોરોનાને પગલે વેપારી એસોસિએશન દ્વારા ૩ દિવસ બજાર બંધ

ધનસુરા વેપારી એસોસિએશન ધ્વારા વધી રહેલા કોરોના સંક્રમણને લઈને ધનસુરા બજાર ૩ દિવસ બંધનું એલાન કરવામાં આવ્યું હતું. દુકાનો, લારી-ગલ્લાના વેપારીઓ ધ્વારા શનિ, રવિ, સોમ બજાર બંધ રાખવામાં આવ્યા હતા. આ બંધમાં દૂધ અને મેડિકલ જેવી આવશ્યક સેવાઓ શરૂ રખાઈ હતી. જેમાં વેપારીઓ અને લોકોએ સારો સાથ સહકાર આપ્યો હતો. વેપારી મંડળે જણાવ્યું હતું કે આજથી બજાર શરૂ કરવામાં આવશે અને જો આગામી સમયમાં સંક્રમણ વધે તો બજાર બંધ રાખવાની તૈયારી દર્શાવી હતી. આ ૩ દિવસ બજાર બંધ રહેતા લોકોએ સારો સહકાર આપ્યો હતો. હાલ લોકો હવે સંક્રમણ ન ફેલાય તે માટે માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, સાબુ અને સેનેટાઈઝર વડે હાથ ધોવા જેવી બાબતોનું ધ્યાન રાખવું. જેથી કોરોના સામે સુરક્ષિત રહી શકાય. ધનસુરા વેપારી એસોસિએશને જણાવ્યું હતું કે ૩ દિવસ સ્વયંભૂ બંધમાં લોકોએ સારો સાથ સહકાર આપ્યો હતો.

# પ્રાંતિજ ખાતે વેપારીઓ દ્વારા આપેલ સ્વયંભૂ બંધને વેપારીઓનું સમર્થન

### પ્રાંતિજનું બજાર સજજડ બંધ જોવા મળ્યું : બે દિવસ માટે પ્રાંતિજ બજાર બંધ રહેશે

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ નગરના વેપારીઓ દ્વારા આપવામાં આવેલ સ્વયંભૂ બંધને વેપારીઓનુ સમર્થન પ્રાંતિજ બજાર સંપૂર્ણ પણે બંધ જોવા મલ્યુ હતું.

હાલ દિવાળી બાદ વાગ્યા સુધીનો રાત્રી કરફ્યુ લગાડવામાં આવ્યો છે. ત્યારે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ પ્રાંતિજના વિવિધ વેપારીઓ એસોસિયેશનનો દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામાં વધતા જતા કોરોના પોઝીટીવ કેસોને લઈને સ્વયંભૂ બજારો બંધ બજારો બંધ રાખવાનો નિર્ણય લીધો હતો જેમાં આજે રવિવારના રોજ સવારથીજ પ્રાંતિજનું બજાર લારી-ગલ્લા સહિતના મોટા વેપારીઓ દ્વારા બંધ પડાતા પ્રાંતિજ બજાર સ્વયંભૂ સજજડ બંધ જોવા મળ્યું હતું. તા. ૨૧ થી ૩૦ નવેમ્બર સુધી રાત્રીના નવથી



કોરોનાના પોઝીટીવ કેસોમાં પુનઃ ધરખમ વધારો થતાં સરકાર દ્વારા અમદાવાદ ખાતે ૫૭ કલાકનો કરફ્યુ જાહેર કર્યો છે તો સાથે સાથે રાજકોટ, સુરત, વડોદરા ખાતે રાત્રીના ૯ થી સવારના ૬ સવારના છ વાગ્યા સુધી જનતા કરફ્યુ જાહેર કરવામાં આવ્યો છે જેમાં પણ પ્રથમ દિવસથી જ જનતા કરફ્યુમા પણ નગરજનોનું પુરેપૂરૂ સમર્થન જોવા મળી રહ્યું છે. રાખવાનો નિર્ણય કર્યો છે, જેમાં પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પણ આ વેપારીઓના નિર્ણયને સમર્થન આપ્યું હતું. પ્રાંતિજ ખાતે રવિવાર અને સોમવારનું એમ બે દિવસનું વેપારીઓ દ્વારા સ્વયંભૂ

# ડીસામાં પોલીસની માસ્ક વિના ફરતા લોકો સામે દંડાત્મક કાર્યવાહી

### ૨૨ લોકો પાસેથી ૨૨ હજારના દંડની વસુલાત કરી

ડીસા, તા. ૨૩

કોરોનાના વધતા જતા કેસોને લઈ વહીવટીતંત્ર સજાગ બન્યું છે, ત્યારે કોરોના સંક્રમણને રોકવા તેમજ સરકારની ગાઈડલાઈનનું પાલન કરાવવા માટે પોલીસ દ્વારા પણ સખત કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં શુક્રવારે ડીસા દક્ષિણ પોલીસે માસ્ક વિના ફરતા ૨૨ જેટલા લોકો સામે સખ્તાઈ દાખવી તેમની પાસેથી ૨૨ હજારનો દંડ વસુલ કર્યો હતો.

આ બાબતે દક્ષિણ પોલિસના સૂત્રોએ જણાવ્યું હતું કે હાલમાં તહેવારો દરમિયાન કોરોનાનું સંક્રમણ વધી ગયું છે, લોકો માસ્ક વિના બજારમાં ફરતા હોઈ સરકારની ગાઈડલાઈનનું પાલન કરાવી તેમની સામે દંડાત્મક કાર્યવાહી કરી દંડ વસુલ કરવામાં આવ્યો છે.

# પ્રાંતિજ નગરપાલિકા ચીફ ઓફિસરને મદદનીશ મતદાર નોંધણી અધિકારી દ્વારા નોટીસ પાઠવી

### ચીફ ઓફિસર દ્વારા તેમની સેકટર ઓફિસરની કામગીરી પોતાના બે કલાર્કને સોંપી

પ્રાંતિજ, તા. ૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસરને મદદનીશ મતદાર નોંધણી અધિકારી તથા પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરા દ્વારા ચૂંટણીલક્ષી કામગીરીમાં તેમની જગ્યાએ નગરપાલિકાના બે કલાર્કને જવાબદારી સોંપતા ગંભીરતા ધ્યાને આવતા નગરપાલિકાના ચીફ ઓફિસરને નોટીસ પાઠવવામાં આવી.

પ્રાંતિજ-તલોદ ખાતે રવિવારના રોજ ચૂંટણી મતદાર યાદી સુધારણા સહિતનો કાર્યક્રમ ચાલી રહ્યો જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાં કુલ ૧૫૩ બુથ અને તલોદ માટે ૧૫૨ બુથ ઉપર બીએલઓ દ્વારા બુથ ઉપર હાજર રહીને પોતાની કામગીરી કરવામાં આવી રહી છે પણ જેને શિરે ૨૧ બુથની સેકટર ઓફિસરની જવાબદારી સોંપવામા આવેલ છે એ નગરપાલિકાના ચીફ ઓફિસર આકાશભાઈ પટેલ પોતે પોતાની જવાબદારી પોતાના બે નગરપાલિકાના કલાર્કોને હવાલે કરી પોતે રવિવારની રજાનો સદ ઉપયોગ કરતા હોય તેવું જાણવા





મળ્યું હતું. મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરાના ધ્યાને આવતા પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસર અને પ્રાંતિજના ૨૧ બુથના સેકટર ઑફિસર આકાશભાઈ પટેલને આજરોજ નોટીસ પાઠવવામાં આવી છે ત્યારે હાલ તો તંત્ર દ્વારા માત્ર નોટીસ પાઠવીને ઠંડુ પાડશે કે આગળ કોઈ શિક્ષાકત્મક કાર્યવાહી થશે કે કેમ એ તો હવે જોવું રહ્યું, જોકે ચુંટણી કમીશન પણ આવા કાર્યક્રમોને ગંભીરતા લેતું હોય છે પણ કેટલી ગંભીરતા આમા લેવામાં આવશે એ તો હવે આવનારા દિવસોમાં જ ખબર પડશે.

# બાયડમાં ૫૦ વર્ષીય પુરૂષ થાંભલા પર ચડી જતા કરંટ લાગ્યો

### કરંટ લાગતા જ એક હાથ બળીને ખાખ થઈ ગયો હતો

બાયડ શહેરમાં ગાબટ રોડ નજીક આવેલી ઉત્તર ગુજરાત વીજ કંપનીની ડીપીમાં દારૂના નશામાં રમેશભાઈ મારવાડી ઉ.વ. ૫૦ સવારના સુમારે પાણીની ટાંકીની બાજુમાં લાગેલી વીજ ડીપી ઉપર ચડી ગયો હતો. ત્યારે તેના શરીરનો એક ભાગનો હાથ બળીને ખાખ થઈ ગયો હતો જ્યારે આ બનાવમાં જાનહાની ટળી હતી. વીજ ડીપી ઉપર ચડી જતા આજુબાજુના પ્રજાજનો જોવા માટે ઉમટી પડયા હતા. આ યુવકને ઉતારવા માટે બાયડ પોલીસ ટીમ તથા બાયડ જી.ઈ.બી.ના કર્મચારી દોડી આવ્યા હતા. વીજ પુરવઠો બંધ કરી યુવકને નીચે ઉતારી સારવાર માટે વાત્રક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.



# બાયડ તાલુકામાં શિયાળાનો માહોલ જામ્યો

બાયડ, તા. ૨૩

બાયડ તાલુકા તથા શહેરમાં હવે ઠંડી પોતાના રંગ દેખાડવા લાગી છે. આમ તો ડિસેમ્બર મહિનામાં દિવસમાં ઠંડીનું પ્રમાણ વધતુ હોઈ પરંતુ તેની શરૂઆત તો નવેમ્બર માસથી જ થઈ જતી હોઈ છે. નવેમ્બરથી થોડી થોડી ઠંડી પડવા લાગે છે. ઠંડી પોતાના કામણ પાથરવા લાગી છે. શિયાળો એક એવી ઋતુ છે જે લગભગ બધાને સૌથી વધારે પસંદ છે. બધાને મનગમતા ભોજનીયા આરોગવા માટે શિયાળો શ્રેષ્ઠ છે. કારણ કે શિયાળામાં સારા અને તાજા શાકભાજી આવતા હોય છે. આરોગ્યપ્રદ વસ્તુનું સેવન શિયાળામાં કરવુ શ્રેષ્ઠ સાબિત થાય છે. આજે વહેલી સવારથી જ ઠંડી અનુભવાઈ રહી છે. પરોઢીયે ઝાકળનો આહલાદક અહેસાસ એ ધરતી પરનો શ્રેષ્ઠ અનુભવ છે. નવેમ્બર મહિનાની શરૂઆત થતા જ ગુલાબી ઠંડીની શરૂઆત થતાં જ ગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. તો બપોરે ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આવા બેવડા વાતાવરણના કારણે લોકો વાઈરલ ઈન્ફેક્શન સહિતના રોગનો ભોગ બની રહ્યા છે. આગામી દિવસમાં રાજ્યભરમાં ઠંડીનો ચમકારો જોવા મળશે. વહેલી સવારે ઠંડીનો અહેસાસ થાય છે. લોકો ગુલાબી ઠંડીની મજા માણવા માટે સવારે સાઈકલીંગ અને મોર્નિંગ વોક કરવા નીકળે છે. કોરોના કારણે લોકોમાં કસરતનો ક્રેઝ પણ વધ્યો છે.

# બનાસકાંઠામાં કોરોનાના વધુ ૫૧ કેસ નોંધાયા

સરહદી બનાસકાંઠા જિલ્લામાં દિપાવલીના તહેવારો ટાણે વકરેલો કોરોનાનો કહેર આજે પણ યથાવત રહ્યો છે. ત્યારે સોમવારે કોરોનાના વધુ ૫૧ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૩૦૯૮એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૫૧ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લાના મુખ્યાલય પાલનપુરમાં ૦૬, વેપારી મથક ડીસામાં ૧૮, ધાનેરા માં ૦૩, લાખણી ૦૧, કાંકરેજ ૦૨, દિયોદર ૦૧, થરાદમાં ૦૭, ભાભરમાં ૦૨, સુઈગામ ૦૧, વડગામમાં ૦૨ થતા ગાંધી લિંકન માં ૦૮ મળી કુલ ૫૧ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૧૩૨૩ સેમ્પલમાંથી ૫૧ કેસ પોઝેટિવ આવ્યા હતા.

# ધાનેરાની ગૌશાળામાં ગોપાષ્ટમી નિમિતે ગૌ માતાની પૂજા કરાઈ

કારતક મહિનાના શુકલ પક્ષની અષ્ટમી તિથિને ગોપાષ્ટમી તરીકે મનાવવામાં આવે છે. ગોકુલ, મથુરા, વ્રજ અને વૃંદાવનમાં આ તહેવાર મોટાપાયે મનાવવામાં આવે છે. ગોપાષ્ટમીના દિવસે ગાય અને વાછરડાંની ઉપાસના કરવામાં આવે છે. હિન્દૂ ધર્મની માન્યતાઓ અનુસાર, આ દિવસે ગાયની પૂજા કરવાથી ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. ગોપાષ્ટમીના દિવસે ગાય માતાને સ્વચ્છ પાણીથી સ્નાન કરાઓ. ત્યારબાદ ચંદનથી ગાય માતાને તિલક કરો. તેમના પગને સ્પર્શ કરીને આશીર્વાદ લો. પૂજામાં ફૂલ, મહેંદી, અક્ષત અને ધૂપનો વિશેષ રીતે ઉપયોગ કરો. પૂજા બાદ ગ્વાલાને દાન-દક્ષિણા આપો અને તેમનું આદર સન્માન કરો. ત્યારબાદ ગૌમાતાને પ્રસાદનો ભોગ ચઢાઓ. આમ કરવાથી તમને ઈચ્છિત ફળ પ્રાપ્ત થશે. તેના ચરણ રજને માથે લગાવવાથી સુખ-સૌભાગ્યમાં વૃદ્ધિ થાય છે. ત્યારે ધાનેરામાં પણ ગૌપાસ્ટમી નિમિત્તે ધાનેરામાં ગાય માતાનું પૂજન કરવામાં આવ્યું આરતી કરવામાં આવી જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બનાસકાંઠા વિભાગ સંઘચાલક ખેમચંદભાઈ પટેલ ધાનેરા તાલુકા સંઘચાલક ડો. એમ.એસ. અગ્રવાલ જીલ્લા સેવા પ્રમુખ ગોવિંદભાઈ પ્રજાપતિ અને તાલુકાનગરના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા વિવિધ ક્ષેત્રના કાર્યકર્તાઓ પણ સહભાગી બન્યા ભોગ ચઢાઓ. આ દિવસ ગૌમાતાની પરિક્રમા કર્યા બાદ ગાય માતાને ચલાવવા માટે લઈ જવા જોઈએ.

તેના ચરણ રજને માથે લગાવવાથી સુખ-સૌભાગ્યમાં



હતા છે. ગોપાષ્ટમીના દિવસે ગાય અને વાછરડાંની ઉપાસના કરવામાં આવે છે. હિન્દૂ ધર્મની માન્યતાઓ અનુસાર, આ દિવસે ગાયની પૂજા કરવાથી ઈચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે.

ત્યારબાદ ચંદનથી ગાય માતાને તિલક કરો. તેમના પગને સ્પર્શ કરીને આશીર્વાદ લો. પૂજામાં ફૂલ, મહેંદી, અક્ષત અને ધૂપનો વિશેષ રીતે ઉપયોગ કરો. પૂજા બાદ ગ્વાલાને દાન-દક્ષિણા આપો અને તેમનું આદર સન્માન કરો. ત્યારબાદ ગૌમાતાને પ્રસાદનો વૃદ્ધિ થાય છે. ત્યારે ધાનેરા માં પણ ગૌપાસ્ટમી નિમિત્તે ધાનેરામાં ગાય માતાનું પૂજન કરવામાં આવ્યું આરતી કરવામાં આવી જેમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ બનાસકાંઠા વિભાગ સંઘચાલક ખેમચંદભાઈ પટેલ ધાનેરા તાલુકા સંઘચાલક ડો. એમ.એસ. અગ્રવાલ જીલ્લા સેવા પ્રમુખ ગોવિંદભાઈ પ્રજાપતિ અને તાલુકાનગરના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા વિવિધ ક્ષેત્રના કાર્યકર્તાઓ પણ સહભાગી બન્યા હતા.

# પાલનપુર ખાતે રાષ્ટ્રીય એનસીસી ડે ની ઉજવણી

પાલનપુર, તા. ૨૩

૩૫ એન.સી.સી. ગુજરાત બટાલીયન દ્વારા પાલનપુર ખાતે આવેલ આદર્શ કેમ્પસમાં રાષ્ટ્રીય એન.સી.સી. ડે ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં એન.સી.સી. કેડેટ દ્વારા રક્તદાન કરવામાં આવ્યું હતું. તેમજ સારી પ્રતિભા ધરાવનાર કેડેટનું પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટસના ચેરમેન ગિરીશભાઈ જગાણીયાએ જણાવ્યું હતુ કે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી બનાસકાંઠા જિલ્લાના દરેક તાલુકામાં સેવાકીય પ્રવૃતિઓની કામગીરી કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું કે કોરોનાના સમયમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીએ કોરોના અને થેલેસીમીયા જેવી ગંભીર બીમારીના દર્દીઓ માટે આવા બ્લડ કેમ્પ યોજીને ૨ હજાર જેટલી બોટલો જરૂરીયાત દર્દીઓને નિઃશુલ્ક બ્લડ પુરુ પાડ્યું છે. તેમણે જણાવ્યું કે આજના યુગમાં મહિલાઓ પણ રક્તદાન કરી સમાજ સેવાનું કામ કરી રહી છે ત્યારે એન.સી.સી.ના મહિલા કેડેટનો પણ રકતદાન કરવા બદલ આભાર માન્યો હતો.



## ડીસામાં રોડ ક્રોસ કરતો યુવાન ટ્રકની અડફેટે ચગદાયો

કોરોના મહામારી વચ્ચે પણ માર્ગ અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થયો છે. જે માર્ગ અકસ્માતમાં અનેક આશાસ્પદ જિંદગી અકાળે મોતના મુખમાં ધકેલાઈ રહી છે ત્યારે આવી જ એક ઘટના ડીસા બસસ્ટેન્ડ નજીક બનવા પામી છે, જેમાં રોડ ઓળંગી રહેલો યુવાન ટ્રકની અડફેટે આવી જતા મોતને ભેટ્યો હતો. આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર મૂળ રાજસ્થાનના બાડમેરના જોટોકી ધાણી ખાતે રહેતા રાયચંદભાઈ રાયમલજી ઢાઢી રવિવારે બપોરના સુમારે નવા બસ સ્ટેન્ડથી હાઈવે તરફ રોડ ક્રોસ કરી પસાર થતો હતો તે દરમિયાન પાલનપુર તરફથી આવતી ટ્રક (નં. આર.જે.૫૨.જી.એ.૫૯૨૭)ના ચાલકે પુરઝડપે ગફલતભરી ટ્રક હંકારી રાયચંદભાઈને અડફેટે લઈ ટક્કર મારતા બન્ને પગે ગંભીર ઈજા થવા પામી હતી. અકસ્માત બાદ ટ્રક ચાલક નાસી ગયો હતો જોકે ગંભીર રીતે ઈજાગ્રસ્ત રામચંદભાઈનું સારવાર દરમિયાન મોત નિપજતા આ મામલે મૃતકના ભાઈ કેસારામે ડીસા ઉત્તર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




